# ભાવનગરના નાગરિક સ્મારકો : એક ઐતિહાસિક અધ્યયન

જગદીશ રમેશભાઈ મકવાણા
*સંશોધન વિદ્યાર્થી - ઈતિહાસ વિભાગ, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિંઝોલ, ગોધરા*
doi.org/10.64643/IJIRTV12I8-190252-459

**સારાંશ - આ સંશોધન પેપર ભાવનગર શહેરમાં આવેલા નાગરિક સ્મારકોના ઉદ્ભવ, વિકાસ અને તેમના સાંસ્કૃતિક-સામાજિક મહત્વને ઐતિહાસિક દ્રષ્ટિકોણથી સમજાવવા પર આધારિત છે. ભાવનગર, જે ગુજરાતના કાઠિયાવાડ વિસ્તારમાં સ્થિત એક જૂનાગરીય રાજ્ય હતું, તેની સ્થાપના પછીથી શહેરમાં વિવિધ ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક અને પ્રાશાસનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અનેક સ્મારકોની સ્થાપના કરવામાં આવી હતી. પેપર મુખ્યત્વે મહારાજા ભાવસિંહજી બીજા અને તેમના અનુગામી શાસકોના સમયમાં બનેલા ઈમારતોના આયોજન, તેમની વાસ્તુકલા અને શૈલીના વિશ્લેષણ પર કેન્દ્રિત છે.**

**આ અભ્યાસમાં ટાઉનહોલ, ગાંધીઘર, નિલમબાગ પેલેસ, ચોક હઠીસિંહજીની હવેલી, મહાત્મા ગાંધી સ્મૃતિ મંદિર, સરદાર પટેલ પ્રતિમા, તેમજ શહેરની જૂની ગેટો અને બજાર વિસ્તારોને નાગરિક સ્મારકો તરીકે વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. સંશોધન જણાવે છે કે આ સ્મારકો માત્ર ઈંટ-પથ્થરની ઈમારતો નથી, પરંતુ શહેરની ઓળખ, જનજાગૃતિ, રાજકીય ચેતના અને સામાજિક જીવનના વિકાસના સાક્ષી છે.**

**પેપરમાં વાસ્તુશૈલીના વિવિધ પ્રભાવોની ચર્ચા કરવામાં આવી છે, જેમાં યુરોપિયન કોલોનીયલ શૈલી, પરંપરાગત ગુજરાતી હવેલી શૈલી અને આધુનિક વાસ્તુશિલ્પનો સંયોગ જોવા મળે છે. સાથે જ આ સ્મારકોના સંરક્ષણ અને જતનની હાલની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી ભાવિ પેઢીઓ માટે સ્મારકોને સંરક્ષિત રાખવાની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ રીતે, સંશોધન પેપર પ્રસ્તુત કરે છે કે ભાવનગરના નાગરિક સ્મારકો શહેરના ઇતિહાસનો જીવંત અંશ છે અને તેમના અભ્યાસથી શહેરની સાંસ્કૃતિક વારસાને વ્યાપક રીતે સમજવાની તક મળે છે.**

## (૧) પ્રસ્તાવના

ભારતીય સાંસ્કૃતિક વારસો તેના ભવ્ય ઐતિહાસિક ધરોહરથી સદાય હર્યોભર્યો રહ્યો છે. ગુજરાતમાં વિવિધ માનવ સંસ્કૃતિઓ નિખાર પામી હતી. જેમાં વિવિધ ભાષા, બોલી, પહેરવેશ, જીનવશૈલી, સંસ્કાર, સભ્યતાની કલાઓનો સમાવેશ થાય છે. જેમાં સ્થાપત્યકલા વારસો વિવિધ પ્રદેશના પ્રજાવત્સલ રાજાઓ, મહારાજાઓ, સુબા અને દિવાનો તેમજ પ્રજાઓએ ગુજરાતમાં વસવાટ દરમિયાન સ્થાપેલ પોતાની વિવિધ કલા-સંસ્કૃતિઓના અવશેષો જોવા મળે છે.

સ્મારકો એ સમાજના સાંસ્કૃતિક પ્રતિકો અને અરીસાઓ છે જ્યાં ભૂતકાળ અને તેમના વર્તમાન ભવિષ્ય સાથે જોડાયેલા છે. કોઈપણ સમાજ કે જે તેના ભૂતકાળને ભૂલી ગયો છે તે સમાન ભૂલો, ભૂલો અને ભૂલોનું પુનરાવર્તન કરવાનું કહેવાય છે અને સ્મારકો એ ભૂતકાળને સાંકળી લેવાના માણસના મુખ્ય પ્રયાસોમાંનો એક છે જેથી વર્તમાનને ભવિષ્યની ઐતિહાસિક, વાસ્તવિકતા અને સામાજિક વિકાસ તરફ માર્ગદર્શન આપી શકાય.

## (૨) ભાવનગરના નાગરિક સ્મારકો

આમ તો તમામ સ્મારકો નાગરિક સ્મારક તરીકે જ ગણવામાં આવે છે, પરંતુ જાહેર હિત અને જાહેર જનતાના ઉપયોગ માટે જે બાંધકામ કે સ્થાપત્ય બનાવવામાં આવ્યું હોય તેને આપણે નાગરિક સ્મારક તરીકે ઓળખીએ છીએ. જેમાં વાવ, તળાવ, સરોવરો,

 ISSN: 2349-6002

બાગ બગીચાઓ, દવાખાનાઓ, ફરવાના સ્થળો, સંગ્રહાલય વ્યકિતની યાદ માટે બનાવેલ બાંધકામ વગેરેને નાગરિક સ્મારક કહી શકાય છે.

(૨.૧) કૂવાઓ

સૌરાષ્ટ્રમાં ભાવનગર રાજ્ય સહિતના અનેક રાજ્યોમાં અનાવૃષ્ટિને કારણે વારંવાર દુષ્કાળ પડતા હતા. આ સ્થિતિમાં સિંચાઈના સાધનોની સગવડ હોય તો ખેતીને નુકસાન થતું અટકાવી શકાય તેવા શુભ આશયથી ખેડૂત વર્ગને કાયમી લાભ મળે તે માટે ભાવનગર રાજ્ય ગામે ગામ કૂવા ખોદાવવાનો નિર્ણય કર્યો. ૧૪૫૦ પાકા કૂવા અને ૬૦૧ કાચા કૂવા મળી કુલ ૨૦૫૧ કૂવા રૂા. ૪,૦૦,૦૦૦/- ના ખર્ચે બંધાવ્યા. આ કૂવાના પાણીથી ૨૦,૦૦૦ વીઘા જમીનમાં પિયતની સુવિધામાં વધારો થયો. આ ઉપરાંત રાજ્યમાં ૨૦,૦૦૦ કૂવામાંથી ૧૨,૪૦૯ કૂવા પાકા હતા. જેના પરિણામે ભાવસિંહજી બીજાના શાસન દરમિયાન બે લાખ વીઘા જમીન સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવી હતી."

(૨.૨) વાવો

ભાવનગરના ગારીયાધાર તાલુકામાં આવેલા પરવડી ગામમાં માયાવતી વાવ આવેલી છે. આ વાવ ઈ.સ. ૧૨૭૨ પહેલા એટલે કે પરવડી ગામના તોરણ બંધાયા એ પહેલા હનુમાનજીની દેરી પાસે વાવ આવેલી છે. આ વાવ પાણીથી ભરેલી અને લોક ઉપયોગી હતી, પરંતુ એ સમયે ભય અને કેટલીક અંધશ્રદ્ધાને કારણે બિનઉપયોગી બનેલી. સ્વતંત્રતા પૂર્વે રાજ્યના વિકાસ કાર્યોના સંદર્ભે સ્ટેટ દ્વારા આ વાવ તોડાવી નાખી અને લોકોને ભયમુકત કર્યા. વાવના એ જ પથ્થરનો ઉપયોગ કરી ૨૫ ફૂટ વ્યાસ અને ૧૦૯ ફૂટ ઊંડાઈ ધરાવતો વિશાળ કૂવો બંધાવ્યો જે આજે ડુભાણીયા કૂવા તરીકે ઓળખાય છે.

ઘોઘા શહેરમાં જતા પહેલા રસ્તામાં ખેતરના કિનારે એક પ્રાચીન સમયની વાવ આવેલી છે. વાવની બાંધણી ખૂબ સરસ છે વાવની અંદર ઉતરવાના પગથિયા પહેલા એક મંડપ બનાવવામાં આવ્યો છે જે ખૂબ જ કલાત્મક રીતે દર્શાવાય છે જેને છત્રી પણ કહી શકાય. છત્રીથી નીચે ઉતરતા પગથિયાઓ છે આ પગથિયાઓ ઉતરતા ઉતરતા નીચે વાવના કૂવા સુધી પહોંચી શકાય. બંને બાજુ દીવાલ ઉપર ઘણી કોતરણીઓ જોવા મળે છે. વાવ આખી પથ્થરની બાંધેલી અને વાવની બાજુમાં એક ગધે ગાળની ખાંભી પણ જોવા મળે છે.

તાલધ્વજ ગીરી તળાજામાં પર્વત પર આવેલો કૂવો અને વાવ બંને પ્રાચીન જળસ્ત્રોત ગણી શકાય. એભલમંડપની આજુબાજુમાં પણ પાણીના સ્ત્રોતો મળે છે. જૈન મંદિરોની બાજુમાં પણ એક મોટો કૂવો બનાવવામાં આવ્યો છે. તળાજામાં દિહોર, ટીમાણા, ભદ્રાવળ વગેરે મુખ્ય ગામોમાં એક-એક વાવ આવેલી જ હોય છે, જેને વણજારાના વાવ તરીકે ઓળખાવે છે. મહુવાની સુદાવાવ ઈ.સ. ૧૩૮૧, ઘોઘાની ખારી વાવ ઈ.સ. ૧૫૭૭, જાંઝમેર તથા દડવાની વાવો અને મોખડાજી ગોહિલે કરાયેલું કહેવતો ભુંભલીનો ભમરીયો કૂવો જોવા મળે છે. હાલ ઘણી જગ્યાએ વાવોનો બિનઉપયોગ થતા તે અવાવરૂપ અને કચરાનો ઢગલા સમાન બની ગઈ છે. *

ભાવનગર જિલ્લામાં પણ અનેક જગ્યાએ એક મુખી વાવો પ્રાપ્ત થાય છે જે અંદાજે સોલંકી સમયની કહી શકાય. લગભગ ભાવનગર જિલ્લામાં દરેક મોટા ગામમાં પાણીના સ્ત્રોત માટે વાવો બનાવવામાં આવી હતી. ઉપરાંત વટેમાર્ગો માટે પણ વાવોનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. મુખ્ય રસ્તાની આજુબાજુમાં અમુક અંતરે આવી વાવો સતત આપણને નજરે પડે છે, હાલ બિનઉપયોગી અને અવાવરું હોવાથી આપણે વાવથી અગળા થઈ ગયા છીએ.

(૨.૩) તળાવ અને સરોવર સ્મારક

મનુષ્યના જીવનમાં પાણી અતિશય મહત્વનું હોય, પાણીના મહત્વને સમજીને અનેક તળાવો અને

સરોવરોની યોજનાઓ ભાવનગર રાજ્યના રાજવીઓએ અમલમાં મૂકી હતી. ભાવનગર જિલ્લાની જીવાદોરી સમાન અને લોકઉપયોગ માટે શેત્રુંજી નદીના ઉપર શેત્રુંજી ડેમ બનાવવામાં આવ્યો. ઉપરાંત ભીમડાદ, માલણ, ઘેલો, રંગોળા, બગડ, માલપરા, લાખણકા, હમીપરા વગેરે જેવા અનેક સરોવરો અને ડેમો બંધાવવામાં આવ્યા. સિહોરમાં ગૌતમેશ્વર સરોવરનું નિર્માણ કર્યું, ભાવનગર શહેરમાં ગંગાજળિયા તળાવનું નિર્માણ કર્યું. આ ગંગાજળિયા (ગામ તળાવ) તળાવમાં પાણી માટે શેત્રુંજી ડેમમાંથી ગૌરીશંકર સરોવર (બોરતળાવ) માંથી પાણી લાવવાની પાઈપો નાખવામાં આવી અને બોરતળાવથી ગંગાજળીયા તળાવ સુધી મોટી પાઈપો નાખવામાં આવી, જેથી ભાવનગર શહેરને ક્યારેય પાણીના પ્રશ્નો ઊભા ના થાય એવા પ્રયાસો ભાવનગર રાજ્યના રહ્યા હતા. હાલ ગામ તળાવને સમૃદ્ધ બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા વિકાસ કર્યો હાથ ધરવામાં આવ્યા છે. શિહોરની બાજુમાં આવેલો ખોડીયાર મંદિરની બાજુમાં એક મોટા તળાવનું નિર્માણ ઈ.સ. ૧૯૩૦-૩૫માં કાર્ય કર્યું હતું. રોહિશાળા પાસેનું પાંઢરા તળાવ પણ જિલ્લામાં નજરે પડે છે.

(૨.૩.૧) ગૌરીશંકર સરોવર (બોરતળાવ)

ગૌરીશંકર તળાવ ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલ ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા ભાવનગર શહેરમાં આવેલું એક તળાવ છે. આ તળાવનું બાંધકામ ૧૮૭૧માં શરૂ કરવામાં આવ્યું જે ૧૮૭૨માં પૂર્ણ થયું હતું.

આ રમણીય તેમજ વિશાળ તળાવ નગરની શોભા વધારે છે. ભાવનગર રાજ્યના એક સમયના દીવાન શ્રી ગૌરીશંકર ઓજાના નામ પરથી આ જળાશયનું નામ ગૌરીશંકર તળાવ રાખવામાં આવ્યું છે. આ તળાવને કિનારે થાપનાથ મહાદેવનું મંદિર, કૈલાશવાટિકા નામની બાલવાટીકા, બોટ-કલબ, સુંદરાવાસ બંગલો અને ભાવવિલાસ પેલેસ આવેલા છે. તળાવમાં આવેલા ટાપુઓમાંનો એક ટાપુ પર રજવાડાના સમયમાં હવાખાવા માટેનું સ્થળ બનાવાયેલું પણ હાલ એ બંધ હાલતમાં છે. આ તળાવમાં ન્હાવાની, કપડાં ધોવાની કે માછીમારી કરવાની મનાઈ રજવાડાના વખતથી અમલમાં છે."

(૨.૩.૨) કૈલાશ વાટીકા

કૈલાશ વાટીકા કે બાલવાટીકા એ ગૌરીશંકર તળાવની બાજુમાં બાળકોને માટે રમત-ગમત માટેનું ઉદ્યાન છે. થાપનાથ મહાદેવ એ ગૌરીશંકર તળાવના કિનારે આવેલું ભગવાન શંકરનું મંદિર છે. શ્રાવણ મહિનાના દરેક સોમવારે થાપનાથ મહાદેવના પરિસરમાં લોકમેળો ભરાય છે.

(૨.૩.૩) ભીકડાની કેનાલ

માળનાથની ડુંગર માળામાંથી માલેશ્રી નદીના અનેક ફાંટા નિકળે છે. ગૌરીશંકર તળાવના બાંધકામની સાથે જ માલેશ્રી નદીના આવા એક વરતેજ ગામ તરફ વહેતા વહેણને ભીકડા ગામ પાસે રોકીને નહેર દ્વારા આ તળાવ તરફ વાળવામાં આવ્યું છે. ભાવનગરના દીર્ઘદ્રષ્ટા રાજવીઓ એ એવી વ્યવસ્થા કરાવી છે કે ગૌરીશંકર તળાવ ભરાઈ જાય એટલે નહેરમાં પાણી આવતું અટકાવી શકાય જેથી ભાવનગર શહેર પર કયારેય પુરની આફત ના આવે. જો ભૂલેચૂકે પણ વહેણ બદલવાનું રહી જાય તો પણ વધારાનું પાણી "વેસ્ટ વિયર" દ્વારા કંસારાના નાળા વાટે શહેર પર આફત બન્યા વગર દરિયામાં વહી જાય તેવું પણ આયોજન અહીંયા છે.

(૨.૪) ગાંધીસ્મૃતિ

મહાત્મા ગાંધીની સ્મૃતિ પ્રજામાં અકબંધ રાખવા ૧૯૫૫માં અસ્તિત્વમાં આવેલું ભાવનગર ખાતેનું મ્યુઝિયમ. ૧૯૪૮માં સરદાર પટેલે ઈચ્છા વ્યકત કરેલી કે ભાવનગરમાં મહાત્મા ગાંધીની સ્મૃતિનું વર્ધન કરવા માટે એક અલાયદું મ્યુઝિયમ સ્થપાવું જોઈએ. આ ઈચ્છાથી પૂર્તિ કરવા માટે ભાવનગરના મહારાજા

કૃષ્ણકુમારસિંહજીએ પાંચ લાખ રૂપિયાનું દાન આપ્યું, તથા અબ્દુલ હુસેન મર્ચન્ટ તથા માસૂમ અલી મર્ચન્ટે ભાવનગર ખાતે વિશાળ જમીન ભેટ આપી. પરિણામે ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ ૧૯૫૫ના નવેમ્બરની પહેલીએ આ મ્યુઝિયમનું ઉદ્ઘાટન કર્યું. મ્યુઝિયમના આદ્ય ટ્રસ્ટીઓમાં હતા બળવંતરાય મહેતા, જગુભાઈ પરીખ અને વિઠ્ઠલભાઈ ઝવેરી.

ગાંધી જન્મ ૧૮૬૯થી ગાંધી નિર્વાણ ૧૯૪૮ સુધી વિવિધ પ્રસંગોને વ્યકત કરતા ગાંધીજીના ૨૦૦ થી વધુ ફોટોગ્રાફસ આ મ્યુઝિયમમાં કાયમી ધોરણે પ્રદર્શિત છે. તેમાં પોરબંદર ખાતેના જન્મસ્થળ, પ્રાથમિક, માધ્યમિક શાળાઓ-આલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભાવનગરની શામળદાસ કોલેજ, દક્ષિણ આફ્રિકાનો ટોલ્સ્ટોય આશ્રમ, તે આશ્રમના રોજિંદા જીવન, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહો–લડતો, ભારતમાં ગાંધીજીનું આગમન, સાબરમતી આશ્રમ, દાંડીકૂચ, વિવિધ મહાનુભાવો સાથે ગાંધીજીની મુલાકાતો, ગાંધીજીના અંગત જીવન, તેમના સુખ-દુઃખ જેવી અંગત ક્ષણોને કંડારતી અનેક ક્ષણોનું નિરૂપણ જોવા મળે છે.

સંસ્થા શરૂઆતથી રચનાત્મક કામોને વરેલી છે. ગાંધી વિચારનો પ્રચાર એ સંસ્થાનું પાયાનું કામ છે. છેલ્લાં ૬૭ વર્ષમાં સંસ્થાએ શકય તેટલી રચનાત્મક પ્રવૃત્તિઓ વિકસાવી છે. લોકોની આર્થિક અને સામાજિક વિટંબણાઓ હલ કરવી એ સંસ્થાનું ધ્યેય રહ્યું છે. આ માટે સંસ્થા નીચેની પ્રવૃત્તિઓ ચલાવી રહી છે.

(૨.૪.૧) ગાંધી સંગ્રહાલય

સંસ્થાના હાર્દ સમાન સંસ્થાનો સૌથી ઉપયોગી વિભાગ ગાંધી સંગ્રહાલય છે. પૂ. બાપુના જન્મથી માંડીને દેહાંત સુધીનાં જીવનદર્શનની તસ્વીરો લોકોને પ્રેરણા આપી રહી છે. આ વિભાગમાં ૨૧૧તસ્વીરો છે, કે જેમાંની કેટલીક અપ્રાપ્ય છે. લાખો લોકો આ પ્રદર્શન જોઈને પ્રભાવિત થયા છે. પોરબંદર તેમનાં જન્મસ્થળથી માંડીને ભારતના પાટનગર દિલ્હીમાં થયેલ તેમના દેહાંત સુધીના તેમના જીવનના અવનવા પ્રસંગોનો અનોખો સંગ્રહ ગાંધી સ્મૃતિમાં છે.

આ સંગ્રહાલનું આકર્ષણ લોકોમાં સારું રહ્યું છે. ભાવનગર અને બહારગામના અનેક લોકોએ તે રસપૂર્વક નિહાળ્યું છે. પરદેશના મુલાકાતીઓએ તો તેમાં ઊંડો રસ લીધો છે અને અહીં પ્રદર્શિત થયેલ તસ્વીરોથી ખૂબ પ્રભાવિત થયા છે. કલાકો સુધી આ તસ્વીરો નિહાળી અનેક લોકોએ તેમાંથી પ્રેરણા લીધી છે. આ વિભાગ શરૂઆતથી જ લોકોનો માનીતો રહ્યો છે.૨૫

(૨.૪.૨) ગાંધી પુસ્તકાલય તથા વાંચનાલય

આ સંસ્થાનું ગ્રંથાલય ગાંધી વિચારધારાના સાહિત્ય, સામયિકોનો સંગ્રહ કરી સમૃદ્ધ બન્યું છે. ઉપરાંત વિવિધ વ્યવસાયમાં પડેલા અને જીવન પ્રત્યે જાગ્રત દૃષ્ટિએ જોનારા નાગરિકો તથા ઉચ્ચ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રૂચિ પોષે એવા વિષયોનાં પુસ્તકો ગ્રંથાલયમાં સંગ્રહાયેલા છે. જ્ઞાનનાં વિસ્તરતા જતા સીમાડાઓ સાથે અનુરૂપ એવા સમાજનાં ઘડતર માટે સામાન્યમાં સામાન્ય નાગરિક પણ પોતાના વાચન- રસને વાર્તા-નવલકથાના હળવા વાચનથી આગળ વધારી સમાજશાસ્ત્ર, ઈતિહાસ, રાજકારણ, અર્થશાસ્ત્ર, તત્વજ્ઞાન, ધર્મ, કેળવણી, કલા, વિજ્ઞાન અને ભૂગોળ જેવા મનુષ્યની વિચારશકિતને સરાણે ચડાવે અને જીવનમાં કોઈ નક્કર ઉપયોગીતારૂપ નીવડે એવા વિષયો ભણી લઈ જાય એ ઈચ્છનીય છે. એવી માન્યતાથી ગ્રંથાલયમાં ઉપર કહ્યા વિષયોનાં પુસ્તકોનું પ્રાધાન્ય સ્વીકારાયું છે. લલિત-સાહિત્યનાં પુસ્તકોને ઓછું ઉત્તેજન આપ્યું છે. ઉપર ઉલ્લેખેલા વિષયોના, પ્રાચીન જગતમાં પ્રચલિત તથા આધુનિક દુનિયામાં પ્રવર્તતા વિચાર-વહેણોના પરિચય કરાવતું સાહિત્ય ગ્રંથાલયમાં સ્થાન પામે છે. આ ઉપરાંત, દેશ-વિદેશનાં ખાસ કરીને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ વિશેનાં સાહિત્યનું પણ

 ISSN: 2349-6002

ગ્રંથાલયમાં વિશિષ્ટ સ્થાન છે અને ઉપર મુજબ દરેક વિષયનાં પુસ્તકો ખરીદવાં પુસ્તક પસંદગી સમિતિની રચના પણ કરેલ છે.

ગ્રંથાલયના કબાટો ખુલ્લા છે અને સભ્ય મનગમતા વિષયનાં કબાટમાંથી પુસ્તકો જોઈને પસંદ કરી શકે છે. સંદર્ભ સાહિત્ય વિશ્વ–કોષો, વાર્ષિક–ગ્રંથો, શબ્દકોષો, રિભાષિક શબ્દકોષો, નકશાઓ અને નકશાપોથીઓ જેવી સંદર્ભ સામગ્રી તેમજ અપ્રાપ્ય કિંમતી સાહિત્ય અલગ ગોઠવવામાં આવેલ છે. જેનો ઉપયોગ ગ્રંથાલયના અધ્યયન ખંડમાં બેસી ગ્રંથાલયના સમય દરમ્યાન ગમે ત્યારે થઈ શકે છે. સંદર્ભ સાહિત્યનાં ઉપયોગમાં કે કોઈ માહિતી શોધવામાં ગ્રંથાલયના કર્મચારીઓનો સહકાર વિના સંકોચે માંગી શકાય છે.

(૨.૪.૩) ગાંધી સંશોધન સંગ્રહ

સામાન્ય સંગ્રહ ઉપરાંત, આ સંસ્થા જેની યાદમાં સ્થપાઈ છે એ યુગ પુરુષના જીવન તથા વિચારસરણીના ઊંડા અભ્યાસને સુગમ બનાવવાના ઉદ્દેશથી ગાંધી સંશોધન સંગ્રહની યોજના થઈ છે. ગાંધીજીનાં જીવન અને કાર્ય અંગેના સંશોધનને ઉત્તેજન આપવા માટે ગ્રંથાલયના સહુથી મહત્વના આ સંગ્રહમાં ગાંધીજીએ વાંચેલાં, ગાંધીજીએ લખેલાં, ગાંધીજીનાં જીવન અને વિચારસરણી વિશે લખાયેલા અને જેમાં ગાંધીજી વિશે મહત્વના ઉલ્લેખ થયાં હોય એવાં પુસ્તકોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપિતાએ જેનું સંપાદન કરેલું એવા સામયિકો–હરિજન બંધુ, યંગ ઈન્ડિયા, નવજીવન વગેરેની ફાઈલોનો દુલર્ભ સંગ્રહ પણ સચવાયો છે."

ગાંધી–સાહિત્યમાં "ગાંધીજીનું ચિંતન" એ વિષય પર ભાવનગર નિવાસી શ્રી દક્ષાબેન પટ્ટણીએ પી.એચ.ડી કરેલ છે. આ સમય દરમ્યાન તેઓશ્રીએ ગાંધી-સાહિત્યનાં પુસ્તકોનો સારા પ્રમાણમાં ઉપયોગ કરેલ છે.

ગ્રંથાલય તરફથી ચાલતું જાહેર વાચનાલય સહુ કોઈ માટે ખુલ્લું છે. જેમાં આશરે એકસો સામયિકો આવે છે. જેનો વાચકો સારો એવો ઉપયોગ કરે છે. ઉપરાંત ગ્રંથાલયનાં પુસ્તકોનો ઉપયોગ અધ્યયન ખંડમાં બેસીને થઈ શકે છે.

(૨.૪.૪) મહિલા પુસ્તકાલય

આ વિભાગ ફક્ત બહેનો માટે જ છે. તેમાં ઉચ્ચ પ્રકારની નવલકથા, નવલિકા વગેરે ઉપરાંત ગૃહવિજ્ઞાન, ધર્મ, સમાજશાસ્ત્ર, નાટક, કવિતા કે ઈત્તર વિષયના નારી વિષયનાં પોષક સાહિત્યનો અને સામયિકોનો સમાવેશ કરવામાં આવે છે.

(૨.૪.૫) બાલ પુસ્તકાલય

ગાંધી વિચારધારા નવી પેઢીનાં બાળકોમાં શરૂઆતથી જ વહે તે દ્દષ્ટિએ પંદર વર્ષથી નીચેનાં બાળકો માટેનું એક બાલ પુસ્તકાલય પણ સંસ્થા તરફથી ચાલે છે. તેમાં ગાંધી ગ્રંથાવલી તેમજ બાલપોષક સાહિત્ય જેવું કે, સામાન્યજ્ઞાન, વાર્તા, સાહસકથા, ભૂગોળ, ઈતિહાસ, વિજ્ઞાન, ધર્મ, નાટક વગેરે વિષયો મુજબનાં પુસ્તકો વસાવાયા છે.

(૨.૪.૬) સંસ્કાર કેન્દ્ર

ભાવનગર શહેરના પછાત વિસ્તાર આડોડીયા વાસમાં સંસ્થા એક સંસ્કાર કેન્દ્ર પણ ચલાવે છે. આ કેન્દ્રમાં નાનાં બાળકોને સંસ્કાર આપવાનું, સુઘડ રહેવાનું તથા રમતો દ્વારા શિક્ષણ આપવાનું કામ ચાલે છે. હાલમાં ત્યાં અંબર પરિશ્રમાલય પણ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં પણ બહેનો પોતાની રોજી મેળવે છે. આ વિસ્તારમાં હરિજન ભાઈઓ રહેતા હોવાથી પરિશ્રમાલયનો લાભ તેઓ લઈ શકે છે.

"ગાંધીસ્મૃતિ' સ્મારકના નામની યર્થાતતા મહાત્મા ગાંધીજીના વારસા સ્વરૂપે આ સંસ્થાના કાર્યોથી સિદ્ધ થાય છે. તેમજ "હિન્દ સ્વરાજ' કે 'મારા સ્વપ્નાનું ભારત' પુસ્તકોમાં ગાંધીજીના વિચારો સ્પષ્ટ થાય તે

 ISSN: 2349-6002

ખાતે ભાવનગરની જનતા અને ભારત વર્ષમાં અદ્વિતીય કાર્યો કરે છે. સંસ્થાના પ્રથમ ટ્રસ્ટી મંડળના પ્રમુખ શ્રી બળવંતરાય મહેતા અને તેમની ટીમ, તેમજ ૧૯૮૦ના પ્રમુખ શ્રી પ્રસન્નવદન મહેતા અને તેમની ટીમ કે હાલના પ્રમુખશ્રી પ્રદિપભાઈ દેસાઈ અને તેમની ટીમે આ સંસ્થાના તેમજ ગાંધીજીના મૂલ્યોને સમજી એક આદર્શ સ્થાન સુધીની ૬૭ વર્ષની વિકાસ યાત્રા કરાવી છે. પરંતુ ખુબ જ કઠીન કાર્ય છે. લોકોને આવી બાબતોમાં ઓછો રસ લેતા હોય છે. આવા સમયમાં સંસ્થાને ટકાવી રાખવી ખુબ જ મુશ્કેલ ભર્યું કાર્ય છે. તો પણ ગાંધીજીના વારસાનું જતન કરી તેના મૂલ્યો સમાજમાં પ્રસ્થાપિત કરવા આ ગાંધી સ્મારક કટિબંધ છે.

(૨.૫) સર તખ્તસિંહજી હોસ્પિટલ (સરટી. હોસ્પિટલ)

૧૮૭૮માં સુકો કાળ પડયો. દુષ્કાળના આ મારથી લોકો ત્રસ્ત હતા ત્યાં ૧૮૭૯માં અતિવર્ષા સાથે લીલો દુષ્કાળ થયો અને પ્રજા ક્યાંયની ન રહી. આ સ્થિતિ જોતા મહારાજા તખ્તસિંહજીએ વિવિધ રાહતકામો શરૂ કર્યા. જેમાં ૨૦૫૧ કૂવાઓ ખોદવાનું કામ પણ હતું અને બીજા અનેક કામો સાથે પ્રજાની આરોગ્ય સુખાકારી માટે હોસ્પિટલ નિર્માણનો પણ નિર્ણય લેવાયો. ૧૪ જાન્યુઆરી ૧૮૭૯ના રોજ આ હોસ્પિટલના નિર્માણ કાર્યનો પાયો ખોદાયો અને સર તખ્તસિંહજી હોસ્પિટલના શ્રીગણેશ થયા.

૧૮૭૯થી શરૂ થયેલ આ નિર્માણ કાર્ય ૧૩ વર્ષ ચાલ્યું. ૧૮૯૨માં હિન્દુ શિલ્પ પદ્ધતિ મુજબ અને લાલ પથ્થરોથી હોસ્પિટલ પાંચ લાખના ખર્ચે બનીને તૈયાર થઈ ગઈ. તે સમયના ગોહિલવાડની આ સર તખ્તસિંહજી હોસ્પિટલ કે જે પછીથી જૂની હોસ્પિટલ તરીકે જાણીતી થઈ. મુંબઈના ગવર્નર લોર્ડ હેરીસના હસ્તે ખુલ્લી મૂકાયેલ આ હોસ્પિટલમાં તે સમયે ૬૦ પથારીની સુવિધા હતી અને પહેલા મેડીકલ ઓફિસર તરીકે ડૉ. બહજોહજી બેરામજી જોડાયા હતા.

૧૮૯૨ થી શરૂ થયેલી આ હોસ્પિટલમાં દર્દીઓની વધતી સંખ્યા, જરૂરી સુવિધા ઊભી કરવાની જરૂરિયાતને ધ્યાનમાં લઈ મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ આ સર તખ્તસિંહજી હોસ્પિટલને જોડતી નવી હોસ્પિટલ બનાવવાનો સંકલ્પ કર્યો. ૧૯૩૩માં ગવર્નર જનરલના એજન્ટ સર લેટીમરના હસ્તે જૂની હોસ્પિટલને અનુરૂપ નવા સંકુલના નિર્માણ કાર્યનો પ્રારંભથયો અને ૧૯૩૯માં મહારાજા કૃષ્ણકુમારસિંહજીને હસ્તે આ હોસ્પિટલનું લોકાર્પણ થયું. તે સમયે આ નવી ઈમારતમાં ઓપરેશન થિએટર, એકસ-રે મશીન, લિફ્ટ વગેરે સુવિધા ઉપલબ્ધ હતી અને ૧૫૦ પથારી પણ દર્દીઓ માટે ઉપલબ્ધ થઈ.

(૨.૬) જશવંતસિંહજી ડિસ્પેન્સરી

ભાવનગરના મહારાજા જશવંતસિંહજીના અમલ દરમિયાન ઈ.સ. ૧૮૬૬-૬૭માં એક ડિસ્પેન્સરી ખોલવામાં આવી, જેનું નામ જશવંતસિંહજી ડિસ્પેન્સરી (લાલ દવાખાનું) રાખવામાં આવ્યું, ત્યારથી તે કાર્યરત હતું. આ મકાનનું બાંધકામ સંપૂર્ણપણે દેશી પદ્ધતિનું બનાવવામાં આવેલું હતું. મકાનના મોટા મોટા ઓરડાઓ અને દરેક ઓરડાની અંદર જુદી જુદી પદ્ધતિની સારવાર કરવામાં આવતી હતી. આ ડિસ્પેન્સરીના પ્રથમ ડોકટર તરીકે શેઠ બહેરામજીની નિયુકિત કરવામાં આવી હતી. ત્યારબાદ તેમના પુત્ર બરજોરજી હસ્તક દવાખાના ઉપરાંત વૈદિક ખાતાનો ચાર્જ આપવામાં આવ્યો. હાલ આ દવાખાનું મહિલા બાગની એકદમ સામે આવેલું છે અને સરકાર હસ્તક તેમાં આયુર્વેદિક દવાખાના તરીકે કાર્યરત છે.

(૨.૭) નંદકુવરબા બાલાશ્રમ

મહારાજા ભાવસિંહજી બીજાના પત્ની નંદકુંવરબાની પ્રેરણાથી અનાથ આશ્રમ બનાવવામાં આવ્યો હતો. બનાવ એવો હતો કે ભાવનગરના એક વિસ્તારમાં એક નવજાત શિશુને મૂકીને એમના વાલીઓ જતા રહ્યા, બાળકના માતા પિતાને શોધવા અનેક પ્રયાસો

 ISSN: 2349-6002

કરવામાં આવ્યા, પરંતુ તે બાળકના માતા પિતા મળતા નથી. બાળકનું શું કરવું એવા વિચારથી મહારાણી નંદકુવરબાએ મહારાજા ભાવસિંહજીને એક વિચાર આપ્યો કે માતા પિતા પોતાના સંતાનને ત્યજીદેવા માટે મજબૂર થાય એવી પરિસ્થિતિ આપણા રાજ્યમાં ઊભી થાય છે, તો આવા બાળકોને સારસંભાળ રાખવા માટે એક વ્યવસ્થા કરવામાં આવે કેમ કે કોઈ માતા પિતા એવું નથી ઈચ્છતા કે એમના વહાલ સોયા બાળકો એમનાથી અલગ થાય, પરંતુ કોઈ મજબૂરી હોવાના કારણે આવું બનતું હોય છે. મહારાજાએ આ વાત ઉપર વિચાર કરી તરત જ સભા બોલાવી અને મહારાણીના નામથી શ્રી નંદકુવરબા બાલાશ્રય બનાવવાનો નિર્ણય કર્યો.

ઈ.સ. ૧૯૧૮ બાલાશ્રમના મકાનનો પાયો નખાયો. આ મકાન એક સરસ પથ્થરોની કલાત્મક કોતરણીથી બનાવવામાં આવ્યું. આ મકાનનું આર્કિટેકચર પશ્ચિમ સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિનું મિશ્ર શૈલી જોવા મળે છે, એમાં ઈન્ડોગ્રીક સંસ્કૃતિના આગવા નમૂના જોવા મળે છે. ઈન્ડો ઈસ્લામિક શૈલીના પણ નમૂના જોવા મળે છે, કલાત્મક દ્રષ્ટિએ મકાન ખૂબ સુંદર અને વિશાળ જગ્યામાં બનાવવામાં આવ્યું છે.

શ્રી નંદકુવરબા બાલાશ્રમ છેલ્લા ૧૦૬ વર્ષથી સમાજના ત્યજાયેલા બાળકને ઉછેરી મોટા કરી, સમાજમાં પુનઃસ્થાપન કરવાનું કાર્ય કરે છે. આ સંસ્થાની સ્થાપના પૂર્વ મહારાજ શ્રી ભાવસિંહજીએ ઈ.સ. ૧૯૧૮માં કરેલ છે. આટલા વર્ષોથી આ સંસ્થામાં અનેક અનાથ બાળકો ઉછેરી મોટા થઈ સમાજમાં પુનઃસ્થાપિત થયા છે. છેલ્લા ઘણા વર્ષોથી સામાજિક જાગૃતિ સાથે સાથે આ સંસ્થાની પ્રગતિ ક્રમશઃ સુંદર રીતે થતી આવી છે.

સરકારશ્રી તરફથી પણ આ સંસ્થાને બાળકલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ બદલ સન્માનપત્ર મળેલ છે. ગુજરાતની સામાજિક સંસ્થાઓમાં એક વિશિષ્ઠ સ્થાન મળ્યું છે. સંસ્થામાં રહેતા બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈએ તો આ બાળકોના શિક્ષણનો પાયો ધીરે ધીરે મજબૂત થતો જાય છે. શહેરની નામાંકિત શૈક્ષણિક સંસ્થામાં બાળકો કેળવણી મેળવે છે. જેને કારણે છેલ્લા બે ત્રણ વર્ષથી બોર્ડના પરિણામોમાં સંસ્થાના બાળકો અગ્રેસર રહ્યા છે. આજ રીતે સંગીત ક્ષેત્રે પણ બાળકોના વિકાસમાં ધ્યાન આપવામાં આવે છે. સ્કાઉટીંગની પ્રવૃત્તિઓમાંથી બાળકોની શારીરિક તંદુરસ્તી પણ સારી રીતે જળવાય છે. આ સંસ્થાને સમાજના અગ્રગણ્યો તરફથી પણ ખૂબ સારો આર્થિક સહકાર મળતો રહે છે. જેને કારણે બાળકોના વિકાસમાં આર્થિક કોઈપણ વ્યવસ્થા અટકતી નથી. કલાક્ષેત્રે બાળકોએ નજીકના જ નેચર કાર્નિવલમાં ૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લઈ સારો દેખાવ કરેલ. આમ, બાળકોના સર્વાંગી વિકાસ સુંદર રીતે થતો જાય છે. મહારાજા સાહેબના સ્વપ્નને આ સંસ્થા સાકાર કરવામાં સંપૂર્ણ રીતે સફળ થઈ છે. આ ઉપરાંત હાલના શૈક્ષણિક યુગમાં બાળકો સારી રીતે રજૂ થઈ શકે તે માટે કમ્પ્યૂટર કલાસ પણ સંસ્થામાં જ ઊભો કરેલ છે. બી.પી.ટી.આઈ. તરફથી સંસ્થામાં જ બાળકોને સરકારી સર્ટીફિકેટ સાથેનો કોર્સ પણ કરાવેલ છે." સંસ્થમાં બાળકોના મનોરંજન માટે ઈન્ડોર આઉટડોર ગેમ, ટી.વી., ડી.વી.ડી. પ્લેયર, ટેપ વગેરેની સુવિધાઓ પણ છે. ટેબલ ટેનિસ માટે એક અલગ રૂમ ફાળવેલ છે. બાસ્કેટ બોલની સુવિધા પણ છે. બાળકોની શાળાના રજાના દિવસોમાં દર વર્ષે પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૩-૧૪ માં મુંબઈ એસલવલ્ડ, મહાબળેશ્વર, વર્ષ ૦૧૪-૧૫ માં દિલ્હી, જયપુર, હરિદ્વાર, મસૂરી, ઋષિકેશ, મથુરા, વૃંદાવન, આગ્રા, અંબાજી વગેરે સ્થળોએ અને વર્ષ ૨૦૧૫-૧૬ માં આબુ, હલ્દીઘાટી, ઉદયપુર, શ્રીનાથજી વગેરે સ્થળોએ ગયેલ. જેમાં બાળકો સૌથી વધારે આનંદ મેળવે છે. સંસ્થામાં બાળકોને રહેવા, જમવા, સુવાની પૂરતી સુવિધા છે. હવા ઉજાસવાળું મકાન છે. રમવા માટેનું મોટું મેદાન છે. જેમાં બાળકોની દરેક પ્રકારની જરૂરિયાતોની પૂરતી

ISSN: 2349-6002

સંતોષાય છે. આમ, આ સંસ્થાનો હેતુ અનાથ બાળકોને ઉછેરીને સમાજમાં સુંદર રીતે પુનઃસ્થાપિત કરવાના છે તે કાળજીપૂર્વક પૂર્ણ કરવામાં આવે છે.

(૨.૮) બાર્ટન પુસ્તકાલય

ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર પ્રાંતમાં આવેલ ભાવનગર શહેરમાં આવેલું પુસ્તકાલય છે. તેની સ્થાપના ૩૦ ડિસેમ્બર ૧૮૮૨ના દિવસે કરવામાં આવી હતી. ઈ.સ. ૧૮૯૫ના વર્ષમાં પુસ્તકાલયનું નવું ભવ્ય મકાન બાંધવામાં આવ્યું હતું અને લાઈબ્રેરી ત્યાં ખસેડવામાં આવી. મહાત્મા ગાંધી જ્યારે ભાવનગરમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમણે આ પુસ્તકાલયનો ઉપયોગ કર્યો હતો. આ ભવ્ય મકાન બંધાવ્યું તેની ડિજાઈન અને કલાત્મકતાની દૃષ્ટિથી ઊભું કરવામાં આવ્યું. તેને પોલિટિકલ એજન્ટ કર્નલ એલ.સી. બાર્ટનનું નામ આપવામાં આવ્યું. જે મહારાજા તખ્તસિંહજીના મિત્ર હતા, તેમણે મહારાજાને KCSI નો કિતાબ આપ્યો હતો.

ઈ.સ. ૧૯૩૬ના વર્ષમાં આ પુસ્તકાલયમાં ૧૫,૯૮૦ પુસ્તકો હતા. જે ૨૦૦૪ સુધીમાં વધીને ૬૧,૭૬૩ પુસ્તકો સુધી પહોંચ્યા હતા. ૨૦૦૯ના વર્ષ દરમિયાન પુસ્તકોનો આંકડો ૬૮,૦૦૦ ને પાર કરી ચૂકયો હતો. ૨૦૧૨ના વર્ષના અંતે આ આંકડો ૭૨,૦૦૦ અને ૨૦૧૫માં ૭૫,૦૦૦ કરતા વધારે પુસ્તકો આ પુસ્તકાલયમાં હતા.

(૨.૯) સર તખ્તસિંહજી મહાજન સાર્વજનિક વિશ્રાંતિ ગૃહ

સર તખ્તસિંહજી મહાજન સાર્વજનિક ધર્મશાળાની સ્થાપના ઈ.સ. ૧૮૮૪માં કરવામાં આવી હતી. ભાવનગર મહાજન મંડળો દ્વારા મહારાજા તખ્તસિંહજીને કેસીજીઆઈનો ખિતાબ મળેલો. આ કિતાબ સંદર્ભે મહારાજાના સન્માન અર્થે ભાવનગરના મહાજનોએ આર્થિક ફંડ ઊભું કરી ભાવનગરના લોકોને ઉપયોગી થાય એ માટે સર તખ્તસિંહજી મહાજન સાર્વજનિક ધર્મશાળાની સ્થાપના રેલવે સ્ટેશનની એકદમ નજીકમાં કરવામાં આવી છે. મુસાફરોને રહેવામાં જે તકલીફો હોય એ તકલીફો દૂર થાય એ માટે આ ધર્મશાળાના મકાનની શરૂઆત કરવામાં આવી હતી. ૩૦

(૨.૧૦) બાર્ટન મ્યુઝિયમ-ભાવનગર

ગુજરાતનું એક બહુહેતુલક્ષી બાર્ટન સંગ્રહાલયની સ્થાપના ઈ.સ. ૧૮૮૩માં થઈ હતી. તે ૧૮૯૫માં બાર્ટન પુસ્તકાલયના મકાનમાં શરૂ થયેલું. આ સંગ્રહાલય આજાદી પછી ૧૯૫૫થી ગાંધીસ્મૃતિ ટ્રસ્ટના વહીવટ હેઠળ હતું. ૧૯૮૨ થી તે ગુજરાત રાજ્ય પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગ હસ્ત મૂકાયું છે.

આ સંગ્રહાલયમાં પથ્થરયુગનાં ઓજારો, અશ્મિભૂત અવશેષો અને પ્રાગ-ઐતિહાસિક પ્રાણીના અવશેષોનો સંગ્રહ પ્રદર્શિત કરવામાં આવ્યો છે. અહીં ભાવનગર જિલ્લામાંથી પ્રાપ્ત જૈન શિલ્પો, વલ્લભીપુરના પ્રાચીન ઈંટો, ધાતુની મૂર્તિઓ, પાંચમી સદીનું તામ્રપત્ર, શિલાલેખો તથા માટીના વિવિધ વસ્તુઓને સંગ્રહ છે. ટંક–આહત સિક્કો, રાજપૂતકાલીન, ગુપ્ત, મુઘલ અને દિલ્હી–સલ્તનત–કાલીન સિક્કાઓ તેમજ ગ્રીક, બ્રિટીશ, ફ્રેન્ચ, પોર્ટુગીઝ, ડચ જેવા વિદેશી લગભગ ૧૬,૭૮૦ સિક્કાઓને સંગ્રહ જોવાલાયક છે. કાંગરા શૈલીનાં લઘુચિત્રોના પણ નાનકડો સંગ્રહ દર્શનીય છે. અહીં સંગીતનાં વિવિધ વાદ્યો પણ પ્રદર્શિત થયા છે.

અહીં હાથીદાંતના કલાત્મક કોતરણીવાળા નમૂનાઓ, શિહોરની ધાતુકલા દર્શાવતા પિત્તળનાં વાસણો, સૂડીઓ અને તાળાંઓ પણ છે. સૌરાષ્ટ્રની કાઠી જાતિની જીવનશૈલી દર્શાવતું " કાઠીનું ઘર' પણ રજૂ કરવામાં આવ્યું છે. શિહોરના ભીંતચિત્રોની નકલો, તૈલચિત્રો, સ્થાનિક ભરતકામ, મોતીકામ અને લાકડાકામની વસ્તુઓ અને ખેતીનાં ઓજારોનો પણ સંગ્રહ છે. આમાં કીડિયાં મોતીની ગૂંથણકલાના નમૂનાઓ વિશિષ્ટ છે, જેમાં કીડિયાકામવાળાં પછીત, પાટી, ચાકળા, ચંદરવા, સાખ, તોરણ, ઘોડિયું,

 ISSN: 2349-6002

ટોડલિયા, ધારિયું વગેરેના નમૂનાઓનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ખડિયો, કલમ, ચોપાટ, સોગઠાં, પ્રસાધનસામગ્રી, મંગળ કળશ, બળદ અને ગાડીનો શણગાર વગેરેની મોતીઓથી મઢેલી અનેક નાની નાની વસ્તુઓમાં હસ્તકલાનું કૌશલ્ય પ્રગટ થાય છે. * આ મ્યુઝિયમમાં એક વિભાગ બાળકોને લગતો છે. જે બાળકોને આનંદ-વિનોદ સાથે સામાન્ય જ્ઞાન મળે તેવા શૈક્ષણિક ઉદેશથી આયોજિત કરાયો છે. મસાલા ભરેલાં પશુ-પક્ષીઓ અને સરિસૃપ જીવો, ભારતના વિવિધ ભાગોનાં રમકડાં, પ્રથમ અનાવરણ-દિવસનાં કવર (first day covers) ઉપરાંત પક્ષીઓ, ફૂલો, રમતગમત, બાળદિન, વિવિધ દેશોની ધ્વજસંજ્ઞાઓ જેવાં વિષયોને લગતી ટપાલ ટિકિટો છે. આ જ સંગ્રહાલયના મકાનમાં બીજા બે નાનાં સંગ્રહાલયોનો પણ સમાવેશ થાય છે : ગાંધીસ્મૃતિ સંગ્રહાલય અને હુન્નર ઉદ્યોગનું સંગ્રહાલય.

(૨.૧૧) વિકટોરીયા પાર્ક

ભાવનગર શહેરમાં આવેલ આરક્ષિત શહેરી વન વિસ્તાર છે. આ વન વિસ્તાર ૨૦૨ હેકટર જેટલા વિસ્તારમાં ફેલાયેલ છે. આ વન વિસ્તારની સ્થાપના ૨૪ મે ૧૮૮૮ના રોજ ભાવનગર રજવાડાનાં તત્કાલીન મહારાજા તખ્તસિંહજી જશવંતસિંહજી (૧૮૫૮-૧૮૯૬) દ્વારા કરવામાં આવી હતી. આ વિસ્તારમાં એક વન ભોજનશાળા અને બાળકો માટેનુ રમતગમતનું ઉદ્યાન પણ આવેલ છે. વન ભોજન શાળાનું નામ મિસ્ત્રી હરીલાલ વન ભોજનશાળા છે. આ પાર્કની અંદર કૃષ્ણકુંજ તળાવ આવેલું છે. જેમાં વચ્ચે એક ટાપુ અનેક પ્રકારનાં બગલા, ચમળા અને જળકુકડા પ્રકારના પક્ષીઓન માળાની વસાહત બને છે. કૃષ્ણકુંજ તળાવની પશ્ચિમ દિશામાં બકી હીલ તરીકે ઓળખાતી ટેકરી આવેલી છે. જેના ઉપરથી આખા વિકટોરીયા પાર્ક, કૃષ્ણકુંજ તળાવ અને ગૌરીશંકર તળાવનું અવલોકન શકય છે.

વૃક્ષોઃ ૨૪૧ પ્રકારની વનસ્પતિઓ અને ૬૯ પ્રકારનાં વૃક્ષો વિકટોરિયા પાર્કમાં આવેલા છે. જેમાં અરડૂસો, અરીઠા, અર્જુન, આપ્ટો, આમલી, આમળા, આસોપાલવ, આંબો, ઈંગોરીયો, ઉમરો સહિત અનેક વૃક્ષો આવેલા છે. આ પાર્કમાં ૧૬૬ પ્રકારના પક્ષીઓ અને ૧૩ પ્રકારનાં સાપ પણ જોવા મળે છે. સાથે અનેક જીવસૃષ્ટિનું કાયમી વસવાટ છે.

અરડૂસો, અરીઠા, અર્જુન, આપ્ટો, આમલી, આમળા, આસોપાલવ, આંબો, ઈંગોરીયો, ઉમરો, કણજો, કરંજ, કાસીદ, કીગેલીયા, પીનાટા, કોઠી, ખજૂરી, ખીજડો, ખેર, ગરમાળો, ગુલમહોર, ગુંદી, ગુંદો, ગોરસઆમલી, ચીકુ, ચંદન, ચંપો, જાકારાન્ડા મીમોસીફોલીઆ, જામફળ, જાંબુ, તામ્રસિંગી, દેવકંચન, ધાવડો, નગોડ, નીલગીરી, નેવરી, પારસપીપળો, પિલુડી, તૂરી, પિલુડી મીઠી, પીપર, પીપળો, બકાન લીમડો, બદામ, બાવળ ગાંડો, બાવળ ગોરડ, બાવળ દેશી, બાવળરામ, બાવળ લીસો, બાવળ હરમો, બીલી, બૂચ, બોરડી, બોરસલી, મહુડો, રગતરોહિડો, રાયણ, રૂખડો, લીંબડો, વડ, સરૂ, શિરીષ, શેવન, સફેદ શીમળો, સરગવો, સીસમ, સંધેસરો.

ઈંગ્લેન્ડના મહારાણી એલેકજાન્ડીયા વિકટોરિયાના નામે નામકરણ થયું હતું. એક રિપોર્ટ મુજબ મહારાજા તખ્તસિંહજીના સમયમાં ભારતમાં ઈંગ્લેન્ડના મહારાણી એલેકજાન્ડીયા વિકટોરિયાનું શાસન હતું અને તેમના જન્મોત્સવ ૨૪ મે એ હતો. આથી ભાવનગરના રાજવીએ ૨૪ મે, ૧૮૮૮ના રોજ સાંજના આ પાર્કને વિકટોરિયા પાર્ક નામકરણ કરી, ખુલ્લો મૂક્યો હતો. તે સમયે મોટા પર્વ રીતે આ ઉજવણી કરવામાં આવી હતી. ૧૦૧ અશ્વસવારો અને દરબારી લશ્કરની કવાયતો યોજાઈ હતી.

(૩) મૂલ્યાંકન

ભાવનગર જિલ્લામાં પ્રાગ-ઈતિહાસથી લઈને અનુ-મૌર્યકાળ, ક્ષેત્રપાળ, ગુપ્તકાળ, મૈત્રકકાળ, અનુ–મૈત્રકકાળ અને છેલ્લે ગોહિલ વંશ સુધીના લેખાજોખા

ભાવનગરની ધરતી પર રહ્યા છે. આ દરેક કાળમાં સાંસ્કૃતિક વિકાસ થયો છે. સાંસ્કૃતિક વિરાસત સ્વરૂપે કેટલાંક સ્થાપત્ય આપણને મળી આવ્યા. જેમાં ધાર્મિક દૃષ્ટિએ અને બિનસાંપ્રદાયિક દૃષ્ટિએ કેટલાંક મહત્વના સ્મારકો પ્રાપ્ત થાય છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા અનેક સ્મારકોને રક્ષિત ઘોષિત કરવામાં આવ્યા છે. પરંતુ ભાવનગર જિલ્લામાં કેટલાંક એવા સ્મારકો પણ છે, જે રક્ષિત ઘોષિત કરવામાં નથી આવ્યા. પરંતુ ઐતિહાસિક વરસની ઝલક જોવા મળ છે. અમૂલ્ય વારસાની જાળવણી કરવી ખૂબ જ આવશ્યક બને છે. જેથી આવનારી પેઢીઓને આપણા ઈતિહાસની એક સાંસ્કૃતિક વારસાની સમજ પ્રાપ્ત થાય.

## સંદર્ભ ગ્રંથ

[1] કોરાટ (ડૉ.) પી.જી. સંપાદકો, "ભાવનગર રાજ્યનો ઈતિહાસ', પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ
[2] કોરાટ (ડૉ.) પી.જી., જાની, (ડૉ.) એસ.વી. ભાલ (ડૉ.) જે.ડી., 'ભાવનગર રાજ્યનો ઈતિહાસ' (ઈ.સ. ૧૭૨૩ થી ૧૦૪૭) પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૫
[3] ઝાલા, ભાલ અને કોરાટ (ડૉ.) પી.જી., 'ભાવનગર ક્ષેત્રની અસ્મિતા', ભાવનગર યુનિ., ભાવનગર-ગ્રંથ-૧
[4] દેવલુક, નંદલાલ બી., 'ગોહિલવાડની અસ્મિતા', ભાગ-૧, ભાવનગર, ૧૯૬૪
[5] ગોહિલ ગંભીરસિંહ, 'પ્રજાવત્સલ રાજવી', રાજવી પ્રકાશન-ભાવનગર, પ્રથમ આવૃત્તિ
[6] મહેતા કૌશિકરામ વિઘ્નહરરાય, 'શ્રી ગૌરીશંકર ઉદયનશંકર ઓઝા અને તેમનું ચરિત્ર જીવન' જૂનાગઢ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા પ્રેસ, ૧૯૦૩
[7] ભાવનગર દરબારી ગેઝેટ, ભાવનગર, ફેબ્રુઆરી-૧૯૬૭, અંક-૪
[8] કોરાટ (ડૉ.) પી.જી., ગૌરીશંકર ઉદયન શંકર ઓઝાનું ભાવનગર રાજ્યના ઘડતરમાં પ્રદાન (મહાશોધ નિબંધ)
[9] ગોહિલ હરદેવસિંહ મહોબતસિંહ, "ભાવનગર રાજ્યની ગૌરવગાથા", ૧૯૯૪
[10] પરમાર ખોડીદાસ, મહેતા દિપક, કવીશ્રી ત્રાપજકર, શાહ ધરમશી (૧૯૮૮), ભાવનગર ક્ષેત્રની અસ્મિતા કલા અને સંસ્કૃતિ ગ્રંથ-૩, ભાવનગર: ભાવનગર યુનિવર્સિટી.